

સંગીતોત્સવ - રાજ્યના સાંસ્કૃતિક વિભાગ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પંડિત ઓમકારનાથ એવૉર્ડ સમારોહમાં ભારતના પ્રસિદ્ધ પાર્શ્વગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિએ લોકપ્રિય ગીતોનો 'ગુલદસ્તો' પ્રસ્તુત કરતા શ્રોતાઓ મોડીરાત સુધી સ્વર-તાલના તાલે ડોલી ઉઠ્યા હતા.... મોડીરાત સુધી કલાપ્રેમીઓએ કવિતાજીના ગીતો માણ્યા હતા... કવિતા કૃષ્ણમૂર્તિના પુત્ર આંબી સુબ્રમણ્યમે વાયોલિન પર સુરમધુર ધૂનની અદ્દભૂત પ્રસ્તુતિ કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા...

# જિલ્લામાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં મુખ્ય સચિવ સહિત ૨૪ અધિકારીઓ-પદાધિકારીઓ જોડાશે

**શિક્ષણના સાર્વત્રીકરણ અને સામાજિકરણના અભિગમને લઈ કેટલાક સમાજના આગેવાનો સાથે અધિકારીઓ-પદાધિકારીઓની હાજરીમાં ખાસ બેઠકો યોજાશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૩-૧૪-૧૫ જૂનના રોજ યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ૨૪ જેટલા અધિકારીઓ પદાધિકારીઓ જોડાશે.

જિલ્લાની ૬૦૦થી વધુ પ્રા. શાળાઓમાં યોજાનાર આ પ્રવેશોત્સવમાં રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, અધિક મુખ્ય સચિવ સંગીતા સિંહ, અગ્ર સચિવ અંજુ શર્મા, સી.વી. સોમ, રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન સહિતના ૨૪ અધિકારીઓ અને પદાધિકારીઓ જોડાવાના છે.

જિલ્લામાં શાળા પ્રવેશોત્સવને લઈ તૈયારીઓ આરંભાઈ ગઈ છે. આ પ્રવેશોત્સવ માટે ગ્રામ્ય વિસ્તારમાં ૮૦ અને શહેરી વિસ્તારમાં ૧૫ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસનો પ્રવેશોત્સવ અને શહેરી વિસ્તાર માટે એક દિવસનો પ્રવેશોત્સવ રાખવામાં આવેલ છે.

પ્રવેશોત્સવ દરમ્યાન બાળકમાં શાળા તત્પરતા વધે તે

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા

**જિલ્લામાં ૭૭ કેન્દ્રો; ૧૮,૯૧૨ પરીક્ષાર્થી નોંધાયા છે : ૧૬ રૂટ નિયત કરવામાં આવ્યા : ગાંધીનગર, કલોલ, ચાંદખેડા અને મોટેરામાં પરીક્ષા કેન્દ્રો**

ગાંધીનગર, તા. ૮

આજે રાજ્યમાં રાજ્ય વેરા નીરીક્ષકની સ્પર્ધાત્મક પરીક્ષા જિલ્લાના ૭૭ કેન્દ્રો પર યોજવામાં આવશે.

જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનાર આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તંત્ર દ્વારા તૈયારીઓ સંપૂર્ણ કરી દેવામાં આવી છે. પરીક્ષાના પારદર્શી સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ખાસ કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવ્યો છે.

આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે જિલ્લામાં ગાંધીનગર શહેર ઉપરાંત ચાંદખેડા, મોટેરા અને કલોલમાં કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આ પરીક્ષા માટે ૧૬ ઝોનલ ઓફિસરોની નિયુક્તી અને ૧૬ રૂટ પણ નક્કી કરવામાં આવ્યા છે.

આ પરીક્ષામાં જિલ્લાના ૧૮,૯૧૨ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. તંત્ર દ્વારા સવારે ૧૧ થી ૧ દરમ્યાન આ પરીક્ષા લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પરીક્ષાના સફળ સંચાલન માટે એચ.ટાટ પાસ પ્રાચાર્યો અને ૭૭ વર્ગ-૧-૨ના અધિકારીઓને ખાસ તકેદારી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

આ પરીક્ષાને લઈ તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારોમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવામાં આદેશો જારી કરતુ જાહેર નામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવેલ છે.

પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન કે કોઈપણ પ્રકારનું ઈલેક્ટ્રીક ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે. પરીક્ષા કેન્દ્રમાં સવારે ૧૦ વાગ્યા પછી પરીક્ષાર્થીને પ્રવેશ આપવામાં આવશે અને પરીક્ષા સંપન્ન થયા બાદ જ બહાર જવા દેવામાં આવશે.

# જિલ્લામાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી શકે છે : હવામાન વિભાગ

**ઉનાળાની સિઝનના છેલ્લા પડાવમાં ગરમીના આકરા પ્રકોપથી સૌ ત્રાહિમામ્**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ઉનાળાની સીઝનના આખરી તબક્કામાં જ ગરમીનો પ્રકોપ નગરજનોને દઝાડી રહ્યો છે. આજે ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની આગાહીને લઈ સૌ કોઈ મુંઝવણમાં મુકાઈ ગયા છે. જિલ્લામાં ગરમીને કારણે લૂ લાગવાથી એક વ્યક્તીના મોત અંગેના અહેવાલોની શાહી પણ સુકાઈ નથી ત્યાં આજે ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પણ પાર કરે તેવી ભીતિથી સૌ જિલ્લાવાસીઓના હૈયા હચમચી જવા પામ્યા છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ઘટવાનુ નામ લેતો નથી અને વહેલી સવારથી જ ગરમીનો પ્રકોપ શરૂ થઈ જતો હોય છે. ગરમીનો પારો એટલો તીવ્ર હોય છે કે અંગ દઝાડતી આ ગરમીથી બચવા લોકો છાંયો શોધતા હોય છે તેમજ બપોરના સમયે તો લગભગ કરફ્યુ જેવુ વાતાવરણ થઈ જતુ હોય છે.

આગ ઓકતી ગરમીથી બચવા માટે તંત્રએ પણ લોકોને સાવધ રહેવાની સલાહ આપી છે. એટલુ જ નહિ આજે શનિવારે અને રવિવારની રજાના દિવસોમાં લોકોએ ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટનું લોકાર્પણ : આ પ્રોજેક્ટના કડીરૂપ કર્મયોગીઓની બાદબાકી

ગાંધીનગર, તા. ૮

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણને ટેકનોલોજી સાથે સાંકળવા માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટનો લોકાર્પણ સમારોહ મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવ્યો છે ત્યારે આ પ્રોજેક્ટના કડીરૂપ કર્મચારીઓની જ બાદબાકી કરવાના તઘલખી નિર્ણય સમગ્ર શિક્ષણજગતમાં સન્નાટો ઉભો કર્યો છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટ માટે કડીરૂપ સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓની બાદબાકી એ શિક્ષણ જગતમાં ચર્ચાનો મુદ્દો બની છે. આ અભિયાનના કર્મચારીઓની વ્યાજબી માંગણીઓ અંગે હૈયાધારણ સરકારે આપ્યા પછી પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોશીના વાણી વિલાસ અને બેવડી નીતિ કર્મચારીઓ માટે ઉજાગર થતાં આ કર્મચારીઓમાં નિરાશા ઉભી થવા પામી છે.

સર્વ શિક્ષા અભિયાન કર્મચારી મંડળે એક તબક્કે સરકારે પગારની વિસંગતતાઓ સહિતની વ્યાજબી માંગણી અંગે ખુલ્લા મને રજુઆતો સાંભળી યોગ્ય ઉકેલની હૈયાધારણ સાથે કેટલીક રજુઆતોના ત્વરિત ઉકેલની કામગીરી પણ હાથ ધરી હતી. આથી કર્મચારીઓમાં ખુશીનો માહોલ હતો અને કાર્યક્રમમાં શામેલ થવાનો નિર્ણય પણ મંડળે કર્યો હતો. ત્યાં એકાએક જ નિયામક જોશીની કચેરી દ્વારા

● અનુસંધાન પાન-૭ પર


ઓમશાંતિ ઓમશાંતિ



**સ્નેહાંજલી / શાંતિસભા**

બ્રહ્માકુમારીઝના ગુજરાતનાં ડાયરેક્ટર રાજયોગિની બ્રહ્માકુમારી સરલાદીદીજીએ તા.૬/૬/૨૦૧૯ને સતગુરૂવારે બપોરે ૧૨.૧૦ કલાકે અમદાવાદ ખાતે દેહત્યાગ કરી પરમપિતા શિવ પરમાત્માની શરણમાં સમાઈ ગયા.


તેમનો જન્મ તા.૮/૩/૧૯૪૦માં કચ્છના જખૌમાં થયેલ. તેઓ ૧૪ વર્ષની નાની ઉંમરે જ બ્રહ્માકુમારી સંસ્થામાં જોડાયેલ. બ્રહ્માકુમારીઝ સંસ્થાના આદિ સ્થાપક પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ સરલાદીદીજીને આજથી ૫૨ વર્ષ અગાઉ બ્રહ્માકુમારીઝ સંસ્થાના ગુજરાતના વડા તરીકે નીમેલ. સંસ્થાના આધસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબા તથા માતેશ્વરી જગદંબા સરસ્વતિના સાનિધ્યમાં રહ્યાં.

તેઓ સંસ્થાના આંતરરાષ્ટ્રિય મુખ્યાલયની મેનેજમેન્ટ કમિટિના સભ્ય, સંસ્થાની એજ્યુકેશન સોસાયટી અને રાજયોગ એજ્યુકેશન અને રીસર્ચ ફાઉન્ડેશન બોર્ડના સભ્ય, શ્રી શિવ આધાત્મિક ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા સાયંસ અને એન્જીનીયરીંગ પ્રભાગના અધ્યક્ષા પણ હતા.

તેમણે ત્યાગ, તપસ્યા અને પોતાના અદ્વિતીય પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વથી ગુજરાતમાં ૪૫૦ જેટલા સેવાકેન્દ્રો તથા ઉપસેવાકેન્દ્રો અને ૪,૦૦૦ જેટલી ગીતાપાઠશાળાઓની શુરૂઆત કરી બ્રહ્માકુમારીઝ સંસ્થાનો અદભુત વિકાસ કર્યો. ગાંધીનગરમાં પણ તેમણે ૧૯૭૯થી બ્રહ્માકુમારી સંસ્થાની સ્થાપના કરી ઈશ્વરીય પાલના અર્થે બ્રહ્માકુમારી કૈલાશદીદીજીને જવાબદારી સોંપેલ.

સદગત આત્માને સ્નેહાંજલી અર્પણ કરવા નીચેની વિગતે શાંતિસભા રાખવામાં આવેલ છે.

તારીખ : ૧૦ જૂન, ૨૦૧૯ સોમવાર
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ : બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન, પ્લોટ નં. ૭૫૧, પૂછપરછ કચેરી પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર. મો: ૯૯૭૯૦ ૯૯૯૨૨


# ભાજપની સંકલન સમિતિની બેઠક યોજાઈ

**લોકસભા ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ હવે મહાપાલીકાઓ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ભાજપે તૈયારી શરૂ કરી : મ્યુનિસિપલ કોર્પોરેશનો જિલ્લા પંચાયતોની ચૂંટણી માટે વ્યુરચના ઘડાશે**

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં આગામી થોડા સમય બાદ આવનારી મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓની તૈયારી ભાજપ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે જેના ભાગરૂપે આજે સાંજે એક મહત્વની પાર્ટીની સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો

● અનુસંધાન પાન-૭ પર


**પિયરપક્ષનું બેસણું**



અમારી વ્હાલસોયી દિકરી **નિલમબા ગોવિંદસિંહ વાઘેલાનું** તા. ૪/૬/૨૦૧૯ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૦/૬/૨૦૧૯નો સોમવારના રોજ બપોરે ૧૨-૩૦ થી ૫-૦૦ દરમિયાન** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૨૩૩/૨, શિવશક્તિ સોસાયટી, સેક્ટર-૧૪, ગાંધીનગર**

લી.

યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી (ભાઈ)
સુરેન્દ્રસિંહ રામસિંહ ડાભી (પિતા)
જીગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી (ભાઈ)
કૈલાસબા સુરેન્દ્રસિંહ ડાભી (માતા)



**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



**સાસરીપક્ષ - બેસણું**



મારા ધર્મપત્ની **નિલમબા ગોવિંદસિંહ વાઘેલાનું** તા. ૪/૬/૨૦૧૯ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૦/૬/૨૦૧૯નો સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : ગામ - વાસન મહાદેવ, વચલો વાસ, તા.જી. ગાંધીનગર**

લી.

ગજેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા (દિયર)
ગોવિંદસિંહ નટવરસિંહ વાઘેલા
દિશાબા ગોવિંદસિંહ વાઘેલા (દિકરીબા)
નટવરસિંહ અરજનસિંહ વાઘેલા (બાપુજી)
નિહાલસિંહ ગોવિંદસિંહ વાઘેલા (પુત્ર)
દેવુબા નટવરસિંહ વાઘેલા (બા)
કિશ્મતબા ગોવિંદસિંહ વાઘેલા (દિકરીબા)






ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com